# ભારતીય સાહિત્યમાં 'ગુરુમહિમા

પ્રા.નયનકુમાર મયુરભાઇ પટેલ
શ્રી જે.એમ.પટેલ આટર્સ કોલેજ, આણંદ

**પ્રસ્તાવના**

''ગુરુ બીન કોન બતાવે વાટ
બડા વિકટ સંસાર.''

એન્જીનીયર થવા એન્જીનીયરીંગ વિશે જાણતા અધ્યાપક પાસે જવું પડે, ડૉક્ટર થવા ડૉક્ટર પાસે જવું પડે, શિક્ષક થવા શિક્ષક પાસે જવું પડે. ડૉક્ટર થવું હોય અને શિક્ષક કે એન્જીનીયર પાસે જાય તો ડૉક્ટર બની જવાય ? અર્થાત્ આપણ્ણુ લક્ષ્ય સિદ્ધ કરવા માટે જે તે વિષયના નિષ્ણાંત પાસે જવું પડે. એટલું જ નહિ તેને આધિન થઇ રહેવું પડે, ત્યાંથી શીખવું પડે. નહી» તો લક્ષ્ય સુધી ના પહોંચાય.

તે જ રીતે માર્ગમાં ભૂલા પડીએ અને માર્ગ ના જડે ત્યારે ભોમિયાની જરુર પડે, તે વિના અટવાઇ જવાય અને ભમ્યા જ કરીએ. મંજીલ-કિનારો ના જડે. સંસારના ચક્રમાં ડગલે ને પગલે કોઇના કોઇ પડાવે આપણે કોઇનું ને કોઇનું માર્ગદર્શન, સલાહ, સૂચન, વિચાર લેવો જ પડે છે.

આ લોકમાં લગભગ હજારો લાખો વર્ષોથી મનુષ્ય જીવનનું અસ્તિત્વ છે. કેટલીક માન્યતાઓને સાચી માનીએ તો રામાયણકાળ ૫ લાખ વર્ષ પૂર્વના સમયથી માનવ સુસંસ્કૃત જીવન જીવતો થયો છે. ૫૦૦૦ વર્ષ પૂર્વના માનવ સંસ્કૃતિના અવશેષો હડપ્પા, લોથલ, ધોળાવીરામા»થી પ્રાપ્ત થયા છે. પ્રાચીન સમયથી લઇને મધ્યકાલીન, અર્વાચીન - આધુનિક – અનુઆધુનિક સમયના લાંબા સમયપટ ઉપર માણસની એક ખોજ અવિરત રહી છે અને તે છે ''ઇશ્વર''.

વિશ્વમાં તમામ જગ્યાએ ઇશ્વરની હાજરી છે જ એ બાબત વિશ્વના લગભગ તમામ મનુષ્યો - ધર્મો - સંપ્રદાયોએ સ્વીકારી છે. પરંતુ તેને પામવાના રસ્તાઓ બધાએ અલગ – અલગ અપનાવ્યા છે. એ દરેક માર્ગે ગુરુની અનિવાર્યતા સ્વીકારવામાં આવી છે. ગુરુનું માર્ગદર્શન અને સ્થાન વિશ્વનાં તમામ ધર્મોમાં છે. ઇસ્લામમાં મુર્શીદ, ઇસાઇમાં પાદરી – પોપ, હિન્દુમાં સંતપરંપરા તો જૈનોમાં યતિજી. આ ગુરુનું સ્થાન, ગુરુ સંજ્ઞા અને તેનો મહિમા શા માટે આટલો વ્યાપક છે? તે એક જીજ્ઞાસાનો પ્રશ્ન છે.

ગુરુને વિશ્વની દરેક ભાષાએ પોતપોતાની રીત વર્ણવ્યા છે. તેમાં ગુજરાતી ભાષાનો પણ મોટા ફાળો છે. ૧૧મી સદીથી શરુ થયેલી ગુજરાતી ભાષાની પ્રાકૃત ભૂમિકાથી માંડીને ૧૯મી સદીના મધ્યભાગ સુધીમાં ચોક્કસ સ્તરે પહોંચેલી ગુજરાતી તેના મધ્યકાળમાંથી બહાર આવે છે. આ મધ્યકાળનો સમય રાજકીય, ભૌગોલિક સાંસ્કૃતિક અને ધાર્મિક ચળવળોનો સમય રહ્યો જેની અસર ગુજરતી સાહિત્ય પર પણ થઇ. જેના કારણે મધ્યકાળમાં ગુજરાતી સાહિત્યના લગભગ તમામ કવિઓએ કવિતાનો વિષય ''ધર્મ-ભક્તિ-જ્ઞાન-વૈરાગ્ય'' રાખ્યો. આ સમયપટ પર ૩૦૦૦ થી વધુ સર્જકો અને તેમની હજારો કૃતિઓમાં એ આધ્યાત્મ ચિંતન સંગ્રહાયું જેમાંથી ''ગુરુમહિમા'' વિષયક કેવી રચનાઓ થઇ? ગુરુને કેવા આલેખ્યા»?, તાત્વિક રીતે ગુરુનો મહિમા કેવો કહ્યો? તે પ્રસ્તુત કરવાનો ઉપક્રમ છે.

ગુરુ એ સમગ્ર વિશ્વને સ્પર્શતી એક સંજ્ઞા છે. આ લોકની વાત હોય કે પરલોકની વાત પણ ''ગુરુ'' એ મહત્ત્વનું વ્યક્તિત્ત્વ છે. સાધનની સફળતા માટે, પરમતત્ત્વની પ્રાપ્તિ માટે વિશ્વના તમામ ધર્મોમાં ગુરુ જ પ્રેરણા સ્ત્રોત રહ્યો છે.[૧] જેના માટે વૈદિક સાહિત્યમાં ગુરુ, આચાર્ય, ઉપાધ્યાય જેવા શબ્દોનો પ્રયોગ થયો છે. જૈન પરંપરાઓમાં પણ અર્હન્ત, સિદ્ધ અને આચાર્યને ગુરુ તરીકે સ્વીકારીને તેમની પાસેથી જ્ઞાન મેળવવામા» આવે છે.

હિન્દી સાહિત્યમાં કબીરે ગુરુને ગોવિ»દથી પણ શ્રેષ્ઠ કહ્યા» છે. અને કહ્યું કે એની (ગુરુની) કૃપાથી જ ભગવાનના દર્શન શક્ય છે.

'ગુરુ ગોવિંદ દોંઉ ખડે કાકે લાગુ» પાય ।
બલિહારી ગુરુ આપકી જિન્હ ગોવિંદ દિયો દિખાય'[૨]

ગુરુની કૃપા અને દૃષ્ટિથી શિષ્યનું જીવન સફળ થઇ જાય છે. ગુરુની પ્રાપ્તિથી જ રાગાદિક વિકારો નાશ પામી જાય છે અને આત્મજ્ઞાન થાય છે તે સંદર્ભે કબીર કહે છે કે:

'બલિહારી ગુરુ આપણૈં ઘૌં હાડો કૈ બાર
જિનિ માનિષ તેં દેવતા કરત ન લાગી વાર'[3]

સૂફી કવિ જાયસીને પીર (ગુરુ)માં શ્રદ્ધા છે. પીર એમના પથદર્શક છે એટલે તેઓ લખે છે કે:

સૈયદ અસરફ પીર પિયારા,જેહિ મોહિ પંથ દીન્હ ઉજિયારા,
લેસા હિએ પ્રેમ કર દિયા,ઉઠી જોતિ મા નિરમલ હીયા.[૪]

તો કવિ સૂર ગુરુની આવશ્યકતા અને અનિવાર્યતા જણાવતા» કહે છે કે:

સદ્ગુરુ કી ઉપદેશ હ્રદયધરિ,જિન ભ્રમ સકલ નિવરાયૌ.[૫]

ગુરુ નાનક પણ કહે છે કે, જેને ભગવાન ના દર્શન કરાવ્યા એ જ ગુરુ સાચા, ગુરુ વગર ભગવાન મળવા કઠિન છે.

'બલિહારી ગુરુ આપણ્યેં ઘૌ હાડી કે બાર!
જિનિ માનિષતે દેવતા, કરત ન લાગી બાર'[૬]

કવિ સુન્દરદાસ કહે છે કે, 'ગુરુદેવ બિના નહીં મારગ સૂઝય'[૭] તો રામચરિતમાનસમાં તુલસીદાસ કહે છે કે:

'બંદઉં ગુરુપદ કંજ કૃપાસિન્ધુ, નરરુપ હરિ
મહામોહ તમ પુંજ જાસુ વચન રવિ કર નિકર'[૮]

કબીરની જેમ તુલસીદાસે પણ સંસાર સાગર પાર કરવા માટે ગુરુને અનિવાર્ય માન્યા છે. સાક્ષાત્ બ્રહ્મા અને વિષ્ણુ સમાન ગુરુને માન્યા છે. સદ્ગુરુ એક એવા કર્ણધાર છે જે દુર્લભ વસ્તુ સુગમ કરી આપે છે.

'કરનધાર સદ્ગુરુ દૃઠ નાવા,દુર્લભ સાજ સુલભ કરિ પાવા'[૯]

મધ્યકાલીન હિન્દી જૈન કવિઓએ પણ ગુરુને એટલું જ મહત્ત્વ આપ્યું છે. કબીરની જેમ કવિ કુશલલાભે શાશ્વત સુખ માટે ગુરુની આવશ્યકતા જણાવતા કહ્યું છે કે:

'શ્રી ગુરુ પાય પ્રસાદ સદા સુખ સપંજઇ રે'[૧૦]

કવિ રુપચંદે પણ આજ માન્યું છે કે:

'જ્યોં વરષા વરષે સમૈ મેઘ અખંડિત ધાર,

ત્યોં સદ્‌ગુરુ વાની ખિરૈ, જગત જીવ હિતકાર'[૧૧]

મીરાંએ પણ 'સગુરા' અને 'નિગુરા'નું મહત્ત્વ દૃષ્ટિમાં રાખીને કહ્યું છે કે:

'સતગુરુ મિલિયા સુંજ પિછાની એસા બ્રહ્મ મૈં પાતી,
સગુરા સૂરા અમૃત પીવે નિગુરા પ્યાસા જાતી!
મગન ભયા મેરા મન સુખ મેં ગોવિંદ ગુણ ગાતી,
મીરા કહે ઇક આસ આપકી ઔરોં સૂં સકુચાતી!!'[૧૨]

કવિ રુપચંદ કહે છે કે:

'અબ મોહિ સદ્‌ગુરુ કહિ સમઝાયો, તો સો પ્રભુ બડે ભાગનિ પાયો!
રુપચન્દ નટુ વિન વૈ તો હી, અબ દયાલ પૂરી હૈ મોહી'[૧૩]

સત્સંગનો પ્રભાવ લખતા કવિ દરિયા લખે છે કે:

'દરિયા સંગત સાધુ કી સહજૈ પલટે અંગ,
જૈસે સંગ મજીઠ કે કપડા હોય સુરંગ'[૧૪]

રૈદાસ કહે છે કે ગુરુના કારણે જન્મ મરણનો રોગ ટળી જાય છે:

'કહ રૈદાસ મિલૈ નિજદાસ, જનમ જનમ કે કાટે પાસ'[૧૫]

જૈન કવિ બનારસી દાસ ગુરુમહિમા – સતસંગ મહિમા વર્ણવતાં લખે છે કે:

'કુમતિ નિકંદ હોય મહા મોહ મંદ હોય; જગમગે સુદશ વિવેક જગે હિયસો!
નીતિ કો દિઢાબ હોય વિનૈકો ગઢાવ હોય; ઉપજૈ ઉછાહ જ્યોં પ્રધાન પદ લિયે સોં
ધર્મ કો પ્રકાશ હોય દુર્ગતિ કો નાશ હોય; ભરતૈ સમાધિ જ્યોં પિયૂષ રસ પિયેસોં!
તોષ પરિ પૂર હોય, દોષ દૃષ્ટિ દૂર હોય; એતે ગુન હોહિં સત્-સંગતિ કે કિયેસાં [૧૬]!'

કવિ ધાનવરાસય પણ કબીરની જેમ સંતસંગત મળે તેને ધન્ય માને છે અને કહે છે કે:

'કર – કર સપત સંગત રે ભાઇ
પાન પરત નર નરપત કર સો તૌ પાંનનિ સૌ કર અસનાઇ!
દોષ ઘટૈ પ્રગટૈ ગુન મનસા નિરમલ હવૈ તજ ચપલાઇ!
ધાનત વન્ન વન્ન જિન કૈ ઘટ સત્ સંગતિ સરધાઇ!!'[૧૭]

ભૂરદાસ કવિએ સત્-સંગની દુર્લભતા જણાવતાં લખ્યું કે:

'પ્રભુ ગુન ગાય રે યહ ઔસર ફેર ન પાય રે;
માનુષ લવ જોગ દુહેલા, દુર્લભ સત્ સંગતિ મેલા!
સબ બાત ભલી બન આઇ, અર્હન્ત ભજૌ રે ભાઇ!!'[૧૮]

તો કવિ નવલરામે સત્સંગને ચંદ્રમણિ જેવા બતાવતાં લખ્યું કે:,

'સત સંગતિ જગ મેં સુખદાયી;
દેવ રહિત દૂષણ ગુરુ સાઁચો, ધર્મ્ દયા નિશ્ચૈ ચિંતલાઇ!!
સુક મૈના સંગતિ નર કી કરિ, અતિ પરવીન વચનતા પાઇ!
ચન્દ્ર કાંતિ મનિ પ્રગટ ઉપલ સૌ, જલ સસિ દેશ ઝરત સરસાઇ!!
લટ ઘટ પલટિ હોત પટપદ સી, જિન કી સાથ ભ્રમર કો થાઇ!

વિકસત કમલ નિરખિ દિનાકરકોં, લોહ કનક હોય પારસ છાઈ[૧૯]!'

અહીં કવિ શુક–મેના, પારસ–કંચન, ઇયળ–ભમરી, કમળ–ભ્રમરના દ ષ્ટાંત જણાવી સંત સંગતનો મહિમા ગાય છે. કવિવર છત્રપતિ પણ સંત મહિમા વર્ણવતા હકે છે કે:

'દેખો સ્વાંતિ બૂંદ સીપ મુખ પરી મોતી હોય; કેલિ મેં કપૂર બાંસ માંહિ બંસલોચના!
મલય સુવાસ દેખૌ નિંબાદિ સુગંધ કરૈ, પારસ પખાન લોહ કંચન કરત હૈ!'
રજક પ્રસંગ પટ સમલતેં શ્વેત કરૈ, ભેષજ પ્રસંગ વિષ રોગન હરત હૈ!!
પંડિત પ્રસંગ જન મૂરખ તે ં બુધ કરૈ, કાષ્ઠ કે પ્રસંગ લોહ પાની મૈં તરત હૈ!
જૈસી જાકૌ સંગ તાકી તૈસો ફલ પ્રાપતિ હૈ, સજ્જન પ્રસંગ સબ દુ:ખ નિરવત હૈ[૨૦]!

બધા દુ:ખનું નિવારણ સાચા સંતનો સંગ જ છે,એવા અનેક સંદર્ભો મળે છે જેમાં ગુરુનું માહાત્મ્ય આલેખાયું હોય, કવિ સુંદર કહે છે કે:

"ગુરુદેવ જો કૃપાલુ હોઇ, તિનકે પ્રસાદ, તત્ત્વજ્ઞાન પુનિ પાઇએ" [૨૧]

આમ, એક સમાન સૂરે ભારતીય સર્જકોએ ગુરુમહિમા ગાયો છે અને પૌરાણિક સાહિત્યમાં પણ આ વાત પર જ ભાર મુકાયો છે. તેથી ભારતીય સંસ્કૃતિમાં સાધના માર્ગના કેન્દ્રમાં ગુરુ રહ્યા» છે એ નિર્વિવાદ અને સર્વસ્વીકૃત વાત છે.

**ગુરુમહિમા**

ભારત વર્ષમાં બાલ્યકાળથી જ ગુરુમહિમા દ્રઢ કરાવવામાં આવે છે. લગભગ તમામ શાળાઓમાં અથવા તો ધાર્મિક સંપ્રદાયમાં, તૈતિરીયઉપનિષદની શિક્ષાવલ્લીનો એક શ્લોક અચૂક બોલાય જ છે :

| | |
|---|---|
| માતૃ દેવો ભવ! | માતાને દેવ સમાન જાણો |
| પિતૃ દેવો ભવ! | પિતાને દેવ સમાન જાણો |
| આચાર્યદેવો ભવ! | ગુરુને દેવ સમાન જાણો |
| અતિથિ દેવો ભવ! | અતિથિને દેવ સમાન જાણો''[૨૨] |

અહીં આચાર્ય એટલે કે, ગુરુનો મહિમા દેવ સમાન કહ્યો તો દેવીભાગવતનો શ્લોક.

''ગુરુબ્રહ્મા ગુરુ વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વર:!
ગુરુ: સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રીગુરુદેવ નમ:!!''[૨૩]

અહીં તો ગુરુને સાક્ષાત્ ભગવાનનું સ્વરુપ જ કહ્યા. ગુરુ જ બ્રહ્મા, ગુરુ જ વિષ્ણુ - સર્જનહાર, શંકર અને મલિનદોષો, સ્વભાવો, જન્મમરણ ટાળનારા છે. ગુરુ સાક્ષાત્ શ્રષ્ઠ બ્રહ્મ -ભગવાનનું સ્વરુપ છે.

શ્રીમદ્ ભાગવતમાં શ્રી કૃષ્ણ સુદામાને ગુરુનો મહિમા સમજાવતા» કહે છે કે:

'ગુરોરનું ગ્રહેણૈવ પુમાન પૂર્ણ: પ્રશાન્તયે'[૨૪]

અર્થાત્ ગુરુની કૃપાથી જ પુરુષ પૂર્ણ થઇ પરિપૂર્ણ શાંતિ મેળવા સમર્થ થાય છે. સ્વયં ભગવાન જ આ શબ્દો ઉચ્ચારે છે કે, ગુરુકૃપા વગર શાંતિ નથી. એજ સ્વત: ગુરુના મહિમાનું મોટ્ઠ પ્રમાણ છે. વળી, આજ ભાગવત ગ્રંથમાં યોગેશ્વર કૃષ્ણ પ્રબુદ્ધ જનકને કહે છે કે:

આચાર્ય માં વિજાનીયાન્નાવમન્યેત કર્હિચિત્!
ન મર્ત્યબુદ્ધિયાડસૂયેત્ સર્વદેવમયા ગુરુ:!![૨૫]

શ્રી કૃષ્ણ કહે છે કે, આચાર્યને (ગુરુ) મારુ સ્વરુપ જાણવા, પણ 'આ એક મનુષ્ય છે' એવી બુદ્ધિથી તેમનું અપમાન કરવું નહી» તેમજ તેમના ગુણો પર દોષારોપ કરવો નહી», કારણ કે ગુરુ સર્વ દેવમય છે. તો મહાભારતમાં ભીષ્મ પિતામહ ગુરુમહિમા સમજાવતા» યુધિષ્ઠિરને કહે છે કેઃ

યેન પ્રીણાત્યુપાધ્યાયં તેન સ્યાદ્ બ્રહ્મ પૂજિતમ્!
માતૃતઃ પિતૃતશ્ચૈવ તસ્માત્ પૂજ્યતમો ગુરુઃ!![૨૬]

અર્થાત્, હે યુધિષ્ઠિર! મનુષ્ય જે કર્મથી ગુરુને પ્રસન્ન કરે છે તે દ્વારા પરમાત્માની પૂજા થાય છે, તેથી ગુરુ માતા – પિતા કરતાં પણ વધુ પૂજનીય છે.

શ્રી ગરુગીતામાં તો ગુરુમહિમાને ચરમસીમાએ મૂકતાં કહ્યું કેઃ

ન ગુરોરધિકં તત્ત્વં ન ગુરોરધિકં તપઃ!
ગુરુજ્ઞાનાત્ પરં તત્ત્વં તસ્મૈ શ્રીગુરવે નમઃ!![૨૭]

અર્થાત્ ગુરુથી અધિક કોઇ તત્ત્વ નથી. ગુરુથી અધિક તપ પણ નથી. શ્રી ગુરુદેવે અનુગ્રહ કરી આપેલી બ્રહ્મવિદ્યાથી ઉન્નત કોઇ તત્ત્વજ્ઞાન નથી. તેથી તે શ્રી ગુરુદેવને મારા વારંવાર નમસ્કાર હો.

ધ્યાનમૂલં ગુરોર્મૂતિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્!
મન્ત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા!![૨૮]

એટલે કે, ધ્યાનનું મૂળ ગુરુની મૂર્તિ છે, પૂજાનું મૂળ ગુરુના ચરણ છે, મંત્રનું મૂળ ગુરુનું વાક્ય છે, મોક્ષનું મૂળ ગુરુની કૃપા છે. આદિ શંકરાચાર્યે ભજગોવિન્દમ્ ગ્રંથમાં ગુરુમહિમા વર્ણવતાં લખ્યું કેઃ

ગુરુચરણામ્બુજનિર્ભરભક્તઃ સંસારાદચિરાદ ભવમુક્તઃ![૨૯]
ગુરુના ચરણકમળમાં જ નિર્ભર રહેનારો ભક્ત જલદીથી (તરત જ) સંસારમાંથી મુક્ત થાય છે.

આ ઉપરાંત આદિશંકરાચાર્ય એ ગુરુમહિમાં વર્ણવતું ગુર્વષ્ટાકમ્ રચ્યું છે. જેમાં તેઓએ ગુરુનો અપરંપાર મહિમાં કહ્યો છે.

ષડઙ્ગાદિવેદો મુખે શાસ્ત્ર વિદ્યા;
કવિત્વાદિ ગદ્યં સુપદ્યં કરોતિ!
ગુરોરડિઘ્રપદ્મે મનશ્ચેન્ન લગ્ન,
તતઃ કિં તતઃ કિં તતઃ કિં તતઃ કિમ્!!

''છ અંગો સંહિત વેદો કંઠસ્થ હોય, શાસ્ત્રવિદ્યાનો મુખપાઠ હોય, કવિતા વગેરે સુપદ્યને ગદ્ય કરે અને પદ્યને ગદ્ય કરે છતાં ગુરુના ચરણોમાં મન નથી લાગ્યું તો તેથી શુ? તેથી શું? તેથી શું? તેથી શું?''

કલત્રં ધનં પુત્રપૌત્રાદિ સૌખ્યં,
ગૃહ બાન્ધવાઃ સર્વમેતદ્ધિ જાતમ્!
ગુરોરડિઘ્રપદ્મે મનશ્ચેન્ન લગ્ન,
તતઃ કિં તતઃ કિં તતઃ કિં તતઃ કિમ્!!

'પત્ની, ધન, પુત્ર – પૌત્ર વગેરે હોય, ધનનું સુખ હોય, ઘર હોય, ભાઇઆ એ બધું જ મળ્યું હોય છતા જો ગુરુના ચરણોમાં મન નથી જોડયું તો તેથી શું? તેથી શું? તેથી શું? તેથી શું?'

વિદેશેષુ માન્યઃ સ્વદેશેષુ ધન્યઃ

સદાચારવૃત્તેષુ મત્તો ન ચાન્યઃ!
ગુરોરડિઘ્રપદ્મે મનશ્ચેન્ન લગ્ન,
તતઃ કિં તતઃ કિં તતઃ કિં તતઃ કિમ્!!

''વિદેશોમાં માન્ય હોય, સ્વદેશમાં ધન્ય હોય, સદાચારની વૃત્તિમાં લાગેલો હોય, બીજે ક્યાંય વૃત્તિ ન હોય છતાં ગુરુના ચરણોમાં મન નથી જોડયું તો તેથી શુ? તેથી શું? તેથી શું? તેથી શું?''

શરીરં સુરુપં સદા રોગ – મુક્તં,
યશશ્ચારુ ચિત્રં ધનં મેરુતુલ્ય!
ગુરોરડિઘ્રપદ્મે મનશ્ચેન્ન લગ્ન,
તતઃ કિં તતઃ કિં તતઃ કિં તતઃ કિમ્!!

''જેનું શરીર રુપવાન હોય અને હંમેશા રોગથી મુક્ત હોય, જેને સુંદર અને અદ્ભૂત યશ પ્રાપ્ત થતો હોય, જેની પાસે મેરુ સમાન ધન હોય છતાં પણ જેનું મન ગુરુના ચરણકમળમાં લાગ્યું નથી તેથી શું? તેથી શું? તેથી શું? તેથી શું?''

ક્ષમા મણ્ડલે ભૂત ભૂપાલવૃન્દૈઃ,
સદા સેવિતં યસ્ય પાદારવિન્દમ્!
ગુરોરડિઘ્રપદ્મે મનશ્ચેન્ન લગ્ન,
તતઃ કિં તતઃ કિં તતઃ કિં તતઃ કિમ્!!

''પૃથ્વી પર મોટા મોટા રાજાઓ તથા મનુષ્યો જેના ચરણકમળની સેવા કરે છે છતાં પણ જેનું મન ગુરુના ચરણકમળમાં લાગ્યું નથી તેથી શું? તેથી શું? તેથી શું? તેથી શું?''[30] તો મધ્યકાલીન કવિ મુક્તાનંદે કીર્તનમાં કહ્યું કેઃ

અડસઠ તીરથ સદ્ગુરુ ચરણમાં,
જાણશે જન જે હશે પૂરાં,
મન કર્મ વચને મોહ મનનો તજી,
ભજે ગુરુબ્રહ્મ તે સંત શૂરા......[૩૧]

મધ્યકાલીન સંત કબીર તેમની સાખીઓમાં ગુરુમહિમાં વર્ણવતા» કહે છે,

ગુરુ ગોવિંદ દોઉં ખડે, કિસકે લાગોં પાય;
બલિહારી ગુરુ દેવકી, ગોવિંદ દિયો બતાય!
ગુરુ ગોવિંદ દોઉ એક હૈ, દૂજા સબ આકાર;
આપ મેં હે હરિ ભજૈ, તબ પાવૈ દીદાર![32]
તો મીરાંબાઇ તેમના હીન્દી પદમાં કહે છે,
પાયોજી મૈને રામ રતન ધન પાયો......
સત કી નાવ ખેવટિયા સતગુરુ; ભવસાગર તર આયો!
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર; હરખ હરખ જસ ગાયો![33]

બાઇ મીરાં પણ આધ્યાત્મિક ઉન્નતિનું શ્રેય ગુરુને આપે છે. સંદેશરના અંધ કવિ પ્રીતમ ગુરુગુણગાન મહિમા ગાતા કહે છે કે:

સંત હરિ ગુરુ એક હૈ ભિન્ન ન માનો કોઇ,
કહે પ્રીતમ સદ્ગુરુ મિલે, તાકુ માલૂમ હોઇ!

એક મુસ્લીમ સૂફી કવિ મન્સૂર પણ મધ્યકાળમાં પોતાની ઉર્દૂ રચનામાં કહે છે :

અગર હૈ શૌક મિલને કા, તો હરદમ લૌ લગાતા જા;
જલા કાર ખુદનુમાઇ કો, ભસમ તન પર લગાતા જા.
મુસલ્લા છોડ તસબી તોડ, કિતાબેં ડાલ પાની મેં
પકડદસ્ત તૂ ફરિસ્તોં કા,ગુલામ ઉનકા કહતા જા.[૩૪]

સંત મન્સુર કહે છે કે ભગવાનને પામવા હોય તો બધુ છોડીને ' પકડદસ્ત તૂ ફરિસ્તોં કા' સંત પુરુષનો હાથ પકડ અને એમનો ગુલામ-શિષ્ય થઇ જા. કબીર સાહેબ ગુરુગુણની વાત કરતા» કહે છે,

સબ ધરતી કાગજ કરું, લેખની કરું બનરાય;
સાત સમ»દર મસિ કરું, ગુરુ ગુણ લિખા ન જાય![૩૫] (મસિ : શાહી)

તો ગુરુ વગર કંઇજ શક્ય નથી તેમ કહેતા» કબીર સાહેબ કહે છે :

ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, ગુરુ બિન મિલે ન ભેવ;
ગુરુ બિન સંશયના મિટે, જય જય જય ગુરુદેવ.
ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, ગુરુ બિન મિલે ન મોક્ષ;
ગુરુ બિન લખે ન સત્ય કો, ગુરુ બિન મિટે ન દોષ.
ગુરુ કો તન મન દીજિયે, મુક્તિ પદારથ જાનિ;
ગુરુ કી સેવા મુક્તિ ફલ, યહ ગિરહી સહિદાનિ.
ગુરુ કો શિર પર રાખિયે, ચલિયે આજ્ઞા માંહિ;
રહૈ કબીર તા દાસ કો, તીન લોક ડર નાહિ![૩૬]

રામકૃષ્ણ પરમહંસ ગુરુમહિમાં વર્ણવતા લખે છે :
''તમારે કોઇ કાયદાકીય સલાહ લેવી હોય તો તમે તેના જાણકાર વકીલને જ મળો ને! તમે થોડા કાંઇ શેરીમાં રખડતા કોઇ પણ માણસની સલાહ લેશો? તેમ આધ્યાત્મિક માર્ગમા એવા સાચા ગુરુને શરણે જ જવું જોઇએ.''[૩૭] તેમના જ શિષ્ય અને યુગપુરુષ વિવેકાનંદ ગુરુમહિમાનું ગાન કરતા કહે છે:

''જેમણે આધ્યાત્મિકતાનો સાક્ષાત્કાર કર્યો છે તે જ માનવજાતના ગુરુ તરીકે બીજાને આધ્યાત્મિકતાનો અનુભવ કરાવી શકે. મહાન ગુરુ પૃથ્વી પર પરમાત્માનું જીવંત સ્વરુપ છે. આ માનવ – પરમાત્મા તમામ દેશો અને તમામ જાતિઓના પરમાત્મા છે. આ દિવ્ય મહામાનવ જગતમાં પૂજાતા રહ્યા છે અને જ્યાં સુધી માણસનું અસ્તિત્વ રહેશે ત્યા સુધી પૂજાતા રહેશે.''[૩૮]

જૈન મુનિ અને ગાંધીજીના પ્રેરણાસ્ત્રોત રહેલા અને ચરોતરાના અગાસમા» આશ્રમની સ્થાપના કરી અનેક મુમુક્ષુઓને ભગવત્ માર્ગે ચઢાવનારા પ્રસિદ્ધ સં, શ્રીમદરાજચંદ્ર કહે છે કે:

''ગુરુના એક શબ્દમાં અનંત આગમ (શાસ્ત્રો) રહેલા છે. તારે મોક્ષ જોઇએ છે? તો બીજું કાંઇ શોધ માં, માત્ર એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઇ વર્ત્યો જા.કોઇ પણ પ્રકારે સદ્ગુરુની શોધ કરવી, શોધ કરીને તેના પ્રત્યે તન-મન-વચન અને આત્માથી અર્પણ બુદ્ધિ કરવી. તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિ:શંકતાથી આરાધન કરવું તો જ સર્વ માયિક વાસનાનો અભાવ થશે એમ સમજવું.''[૩૯]

પાંડીચેરી આશ્રમના સ્થાપક શ્રી અરવિંદ ગુરુમહિમા વર્ણવતા» કહે છે કે:
''ગુરુના ચરણે જવું તે તમામ શરણાગતિઓથી પરની શરણાગતિ છે. તેના દ્વારા તમે અહંકારથી પાર થઇ જાઓ છો. ગુરુ પાસેથી જ જ્ઞાન પ્રાપ્ત કરીને તેમની સૂચના – આજ્ઞાનું પાલન કરવું જ જોઇએ. જેમને આધ્યાત્મિક જ્ઞાન સિદ્ધ છે તેવા ગુરુને અનુસરવું પડે. કોઇ પોતાની મેળે બધું પામવા જાય તો શક્ય છે કે તે બધું ખોટું જ શીખવે.''[૪૦]

મહિમ્ન સ્તોત્રના રચયિતા પુષ્પદંતાચાર્ય કહે છે કે:

''નાસ્તિં તત્વં ગુરો પરમ્[૪૩] અર્થાત ગુરુથી શ્રેષ્ઠ બીજું કોઇ જ તત્ત્વ નથી.''

શ્રીમદ્ વલ્લભાચાર્ય કહે છે કે:
''શરીરરુપી નાવની મદદથી જેઓ ભવસાગર તરવા ઇચ્છતા હોય તેમણે ગુરુના શરણે જવું જોઇએ. ગુરુ નાવિક બનીને ભવસાગર પાર ઉતારે છે. ચોર્યાશી લાખ યોનિમાં મનુષ્ય દેહ મળવો દૂર્લભ છે એ દૂર્લભ દેહ મેળવીને પણ તેની સાચી ચરિતાર્થતા ત્યારે જ થાય છે કે જ્યારે સદ્ગુરુની પ્રાપ્તિ થાય છે. જેમ આ લોકમાં આલંબન વિનાનો માણસ સ્થાનભ્રષ્ટ કહેવાય છે તેમ કોઇ મનુષ્ય વિશિષ્ટ થયેલો જણાતો હોવા છતાં પણ જો તે ગુરુ વિનાનો હોય તો તે મનુષ્ય સ્થાનભ્રષ્ટ જ છે.''[૪૧]

આજ પરંપરામાં શ્રીમદ્ મધ્વાચાર્ય કહે છે કે:
''સાત સમુદ્રથી ઘેરાયેલી સમગ્ર પૃથ્વીને રત્નોથી ભરીને ગુરુને સમર્પિત કરવામાં આવે તો પણ ગુરુદક્ષિણા ક્યારેય પૂર્ણ થતી નથી. તેથી જ હંમેશા ગુરુનું પૂજન કરવું જોઇએ.''[૪૨]

દક્ષિણ ભારતના સંત એકનાથજી ગુરુમહિમાં વર્ણવતા» કહે છે કે;
''લૌકિક વિદ્યાઓનાં લૌકિક ગુરુ તો અનેક છે પરંતુ સદ્ગુરુ એ જ છે જે આત્મસ્વરુપનો બોધ કરાવીને તેમાં દ્રઢ સ્થિતિ કરાવે. ગુરુ જ માતા, પિતા, સ્વામી, કુળદેવતા છે. ગુરુથી મહાન કોઇ દેવ નથી. ગુરુસેવામાં એવો આનંદ આવે કે સ્ત્રી, પુત્ર, ધન પણ ભૂલાઇ જાય, પોતાનું મન પણ ભૂલાઇ જાય અને 'હુ»' નુ» પણ ભાન ન રહે.''[૪૩]

સંત જ્ઞાનેશ્વર આ સંદર્ભે કહે છે કે:
"ગુરુકૃપા અને ગુરુકૃપાનો મહિમા અપરંપાર છે. એમનું વર્ણન કરવાનું કોઇ સાધન નથી. જેવી રીતે સૂર્યને દ્રવ્યોના લેપથી ચમકદાર બનાવવો અને કપૂરને અન્ય કોઇ પદાર્થથી સુવાસિત કરવું અશક્ય છે તેવી જ રીતે ગુરુ અને ગુરુકૃપાના મહિમાને શબ્દોથી વર્ણવવા» અશક્ય છે. બુદ્ધિના બળથી તેમનું વર્ણન કરવું તે મોતીને તેજસ્વી બનાવવા માટે તેના પર પાણી છાંટવા જેવું કે પછી ઉત્તમ સુવર્ણ પર ચાંદીનો ઢોળ ચડાવવા જેવું નિરર્થક છે. ગુરુચરણમાં બે હાથ જોડી મસ્તક નમાવવું તે જ એક યોગ્ય છે.''[૪૪]

અને, રમણ મહર્ષિ પણ ગુરુમહિમા ગાન કરતાં લખે છે કે:
''ગુરુ અનિવાર્ય રીતે જરુરી છે. આત્માના અગાધ ઊંડાણમાં જે સદા સર્વદા વસી રહે છે તે જ સદ્ગુરુ છે તેમ જેની હાજરીમાં મનની ઊંડી શાંતિ અનુભવી શકો, જેને માટે તમને અંદરથી સહજતાથી ભક્તિ ઉદ્ભવે છે તેને ગુરુપદે સ્થાપીને તમે પછીના પગથિયાં ચડી શકો છો. ગુરુની કૃપા શબ્દો અને વિચારોથી પર છે. ગુરુની કૃપા મહાસાગર જેવી છે. કોઇ એક પ્યાલો લઇને સાગર પાસે આવે તો તે પ્યાલા જેટલુ પામે. તેમાં સાગરનો કોઇ દોષ નથી. જેટલું મોટું પાત્ર તેટલું વધુ પમાય એમ જેટલી શિષ્યની પાત્રતા તેટલી તે ગુરુની કૃપા પામે.''[4૫]

ગુરુ એ માત્ર ભૌતિક શરીરમાં બદ્ધ રહેતæુ તત્ત્વ નથી. એનો સંપર્ક દેહવિલય પછી પણ ચાલુ રહે છે.

**ઉપસંહાર**

ગુરુમહિમા ભારતીય જનમાનસ, દર્શન અને જીવનશૈલીનું એક અભિન્ન અંગ રહ્યું છે, અને મધ્યકાળના પરિપ્રેક્ષ્યમાં આ વાત વધુ પ્રસ્તુત અને સ્વીકાર્ય છે. વર્તમાન સમયે પણ ગુરુનું એ જ મહત્ત્વ અને સ્થાન મહદ્અંશે જળવાયા છે. ભારતીય તત્ત્વદર્શીઓએ આ વાતને તાત્વિક રીતે દૃષ્ટાંતો અને રુપકો વડે બહુ જ સ્પષ્ટ કરી આપી છે. ભારતવર્ષની ભાષાઓનું મૂળ–કૂળ સંસ્કૃત છે, ભારતીય ભાષાઓના કવનનો સ્ત્રોત પણ મહદ્અંશે સંસ્કૃત સાહિત્ય– મહાભારત, રામાયણ, વેદ, પુરાણ આદિ શાસ્ત્રોમાંથી રહ્યો છે. અને એ જ પરંપરામાં મધ્યકાલીન કવિઓએ ગુરુમહિમા ગાયો છે.

**પાદટીપ**

1. ઉત્તરાધ્યયન, 1.27
2. સંતવાણી સંગ્રહ ભાગ –1
3. કબીર ગ્રંથાવલી પૃ–1
4. જાયસી ગ્રંથમાલા, પૃ–7
5. વહી, પદ–336
6. ગુરુગ્રંથ સાહિબ, મ–1, આસાદીવાર – પૃ–1
7. સુન્દરદાસ ગ્રંથાવલી, પ્રથમ ખંડ, પૃ–8
8. રામચરિતમાનસ, બાલકાણ્ડ 1–5
9. એજન
10. બનારસી બિલાસ, પંચપદ વિધાન, 1–10, પૃ–162–163
11. નાટક સમયસાર, 6 પૃ–338
12. સંતવાણી સંગ્રહ ભાગ –2, પૃ–69
13. હિન્દી પદ સંગ્રહ, પૃ–49
14. સંતવાણી સંગ્રહ ભાગ –1, પૃ–129
15. રૈદાસ વાની, પૃ–32
16. બનારસી વિલાસ ભાષાસૂક્ત મુક્તાવલી પૃ–50
17. હિન્દી પદ સંગ્રહ, પૃ–137
18. એજન પૃ–155
19. વહી, પૃ 185–186
20. મન મોદન પંચશતી, પૃ– 70–71
21. સુન્દરદાસ ગ્રંથાવલી, પ્રથમ ખંડ, પૃ–9
22. તૈત્તિરીય ઉપનિષદ : શિક્ષાવલ્લી : 11/2
23. શ્રી ગુરુગીતા : 194/44
24. શ્રીમદ ભાગવત : 10/80/43
25. શ્રીમદ ભાગવત : 11/17/27
26. મહાભારત શાંતિપર્વ : 108/26
27. શ્રી ગુરુગીતા : 203/54
28. શ્રી ગુરુગીતા :204/56

29. ભજગોવિંદમ :31
30. આદિશંકરાચાર્ય : ગુર્વષ્ટકમ 1–5
31. કીર્તનમુક્તાવલી 1/64
32. કબીર સાહેબની સાખીઓ : 44
33. કીર્તનમુક્તાવલી 1/364
34. કીર્તનમુક્તાવલી : 1/457
35. કબીર સાહેબની સાખીઓ : 24
36. કબીરવાણી : 265–266
37. સેયિંગ ઓફ શ્રી રામક્રીષ્ના : 184
38. What Religion Is In The Words Of Swami Vivekanand : 297-298,333
39. સ્વામિનારાયણ પ્રકાશ–પત્રિકા : જૂલાઇ/2006/46 & જૂલાઇ/2008/17
40. Latters On Yoga : 614-615
41. સ્વામિનારાયણ પ્રકાશ–પત્રિકા : જૂલાઇ/2006/46
42. સ્વામિનારાયણ પ્રકાશ–પત્રિકા : જૂલાઇ/2008/15
43. સ્વામિનારાયણ પ્રકાશ–પત્રિકા : જૂલાઇ/2008/15
44. સ્વામિનારાયણ પ્રકાશ–પત્રિકા : જૂલાઇ/2008/15
45. સ્વામિનારાયણ પ્રકાશ–પત્રિકા : જૂલાઇ/2008/16
46. સ્વામિનારાયણ પ્રકાશ–પત્રિકા : જૂલાઇ/2008/17